## (1) 'હેલિયોફિઝીક્સ' મિશનના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ મિશન સૂર્ય અને પૃથ્વી નજીક અંતરિક્ષનું મોસમ નિર્ધારિત કરતી પ્રણાલીની શોધખોળથી સંબંધિત છે.
(2) એક્સ્ટ્રીમ અલ્ટ્રાવાયોલેટ હાઈ–થ્રુપુર સ્પેક્ટ્રોસ્કોપિક ટેલિસ્કોપ મિશન કરવામાં આવશે.
(3) આ મિશનને સોલર-F તરીકે ઓળખવામાં આવે છે.
(4) આ મિશનમાં ઈલેક્ટ્રોડેટ ઝીમેન ઈમેઝિંગ એક્સપ્લોરર મિશન પણ કરવામાં આવશે.

(A) આપેલ તમામ
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (1), (2) અને (3)

⇒ જવાબ :- B

**સમજૂતી :**

⇒ હાલમાં જ નાસાએ સૂર્ય અને પૃથ્વીના અકોરાની શોધખોળ માટે બે હેલિયોફિઝકિસ મિશનો અનુમોદિત કર્યા છે.

⇒ આ મિશન સૂર્ય અને પૃથ્વી નજીક અંતરિક્ષકમાં મોસમને નિર્ધારિત કરતી પ્રણાલીના અન્વેષણથી સંબંધિત છે.

(1) EUVST–એક્સ્ટ્રીમ અલ્ટ્રાવાયોલેટ હાઈ–થ્રુપુટ સ્પેક્ટ્રોસ્કોપિક ટેલિસ્કોપ

⇒ EUVST એક સૌર ટેલીસ્કોપ છે. તેના હેઠળ કઈ રીતે સૂર્યના વાતાવરણ દ્વારા સૌર પવનો બને છે અને સૌર સામગ્રીનો વિસ્ફોટ થાય છે. તેનું અધ્યયન આ મિશન હેઠળ કરવામાં આવશે. આ મિશનને સોલાર-C મિશન પણ કહે છે. તેનું નેતૃત્વ જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી કરશે.

⇒ સૌર પવનોનું નિર્માણ પ્લાઝમાનું સૂર્યના કોરોનામાંથી બહાર નીકળી વિસ્તારીત થવાથી થાય છે.

(2) ઈલેક્ટ્રોજેટ જીમેન ઈમેઝિંગ એક્સપ્લોરર (EZIE)

⇒ EZIE મિશન પૃથ્વીના વાયુ મંડલમાં અરોરાને પૃથ્વીના મેગ્નેટોસ્ફીયરથી જોડતા વિદ્યુત ધારાઓનું અધ્યયન કરશે.

⇒ મેગ્નેટોસ્ફીયર પૃથ્વી આસપાસના અંતરિક્ષના ક્ષેત્રને કહેવામાં આવે છે. જ્યાં પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રનો પ્રભાવ હોય છે.

અન્ય સૌર મિશનો

1. સોલર ઓર્બિટર–યુરોપીય સ્પેસ એજન્સી
2. પાર્કર સોલર પ્રોબ–નાસા

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'ઈન્ડિયન સિરીઝ ઈન ધ પોસ્ટ-પેન્ડેમિક વર્લ્ડ'ના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ રિપોર્ટ વિશ્વ આર્થિક મંચ દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે.

(2) આ રિપોર્ટમાં ભારતના વધુ દબાણપૂર્ણ શહેરી પડકારોની વાત કરવામાં આવી છે.

(3) આ રીપોર્ટ અનુસાર લગભગ 70% ચોખ્ખી ઘરેલુ ઉત્પાદન શહેરોમાંથી મળે છે.

(4) ભારતમાં દર મિનિટે 25-30 લોકો ગામડાંઓમાંથી શહેરોમાં સ્થળાંતર કરે છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1) અને (3)

(C) માત્ર (2) અને (3) (D) માત્ર (1), (3) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ હાલમાં જ વિશ્વ આર્થિક મંચ (WEF) દ્વારા 'ઈન્ડિયન સીટીઝ ઈન ધ પોસ્ટ–પેન્ડેમિક વર્લ્ડ' નામની રીપોર્ટ પ્રકાશિત કરવામાં આવી છે. આ રિપોર્ટમાં ભારતના દબાણપૂર્ણ શહેરી પડકારોને રેખાંકિત કરવામાં આવ્યા છે. આ પડકારોને કોવિડ-19એ તીવ્ર બનાવ્યા છે.

**પ્રમુખ નિષ્કર્ષ**

⇛ ભારતના લગભગ 70% સફલ ઘરેલુ ઉત્પાદનો શહેરોમાંથી મળે છે. અને દર મિનિટે ભારતમાં લગભગ 25-30 લોકો ગામડાંમાંથી શહેરોમાં સ્થળાંતર કરે છે.

⇛ તમામ શહેરી પરિવારોમાંથી લગભગ 35% બજાર કિંમતો પર આવાસ ખર્ચ ઉપાડી શકતા નથી.

⇛ જનસંખ્યા સમૂહો પર મહામારીના પ્રભાવમાં વ્યાપક અસમાનતા છે. ઓછી આવકવાળાં શ્રમિકો અને સુભેદ્ય આબાદીને આવકનું નુકશાન અને નબળું સામાજિક સુરક્ષાના ડબલ પ્રહારથી સામનો કરવો પડી રહ્યો છે.

**મુખ્ય ભલામણો**

1. સંકટ સાથે શહેરોના મેનેજમેન્ટ અને ઈમરજન્સી સંચાલન માટે ડેટા હોવો અનિવાર્ય છે.
2. સ્થાનિક સરકારોનું વિકેન્દ્રીકરણ અને સશકિતકરણ કરવું જોઈએ. જેથી ઉત્તરદાયી શાસન સ્થાપી શકાય.
3. વર્તમાન અને ભવિષ્યની માંગોને પહોંચી વળવા બુનિયાદી માળખું કાર્યત્મક ક્ષમતાને વધારવી જોઈએ.
4. શહેરી પુનઃનિર્માણના પ્રયાસોમાં પર્યાવરણીય સ્થિરતા, વાયુ પ્રદૂષણ અને આપદા પ્રબંધન પર પ્રાથમિકતા આપવી જોઈએ.
5. શહેરી અવસરો સુધી મહિલાઓ અને સુભેદ્ય જાતિની સમસ્યાઓનું નિરાકરણ કરવું જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(3) 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષ'ના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો ખોટાં છે ?**

(1) જવાહરલાલ નહેરૂએ 1948માં પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષ (PMNRF)ની સ્થાપના કરી હતી.
(2) આ ફંડનો પહેલાં હેતુ ગરીબોને અનુદાન સહાય અને તેમના પુનઃ વસવાટનો હતો.
(3) પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષમાં દાન ઉપરાંત બજેટના 0.02% ફાળવવાની જોગવાઈ કરવામાં આવી છે.
(4) PMNRF માટે સંસદ દ્વારા કોઈ કાયદો ઘડવામાં આવ્યો નથી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) એક પણ નહિ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ હાલમાં જ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષમાંથી મહારાષ્ટ્રમાં હોસ્પિટલ આગમાં મૃત્યુ પામેલાઓના પરિવારને 2 લાખ રૂપિયા આપવામાં આવ્યા.
⇛ તેનો પ્રારંભિક હેતુ પાકિસ્તાનમાંથી આવેલા ભારતીયોની મદદ કરવાનો હતો.
⇛ PMNRFના ફંડમાંથી કુદરતી આફતોમાં મૃત્યુ પામેલાના પરિવારોને તાત્કાલિક મદદ પહોંચાડવા માટે કરવામાં આવે છે.
⇛ PMNRFમાંથી મેડિકલ સહાયતા હાર્ટ સર્જરી, કિડની ટ્રાન્સપ્લાન્ટ, કેન્સર વગેરે માટે આપવામાં આવે છે.
⇛ PMNRFમાં સાર્વજનિક યોગદાન હોય છે. તેમાં બજેટમાંથી કંઈપણ ચૂકવવામાં આવતું નથી.
⇛ ફંડના નાણાંને વાણિજય બેંકો અને અન્ય એજન્સીમાં રોકવામાં આવે છે.
⇛ તેનું વિતરણ પ્રધાનમંત્રીની ભલામણથી થાય છે.
⇛ PMNRFની સ્થાપના સંસદ દ્વારા થઈ નથી કે કોઈ કાયદો બનાવાયેલ નથી.
⇛ પ્રધાનમંત્રી તેના માનદ અધ્યક્ષ હોય છે અને અધિકારીઓ દ્વારા સહાયતા અપાય છે.
⇛ ફંડને આવક ધારા હેઠળ ટ્રસ્ટની માન્યતા પ્રાપ્ત છે. તેના તમામ યોગદાનોને આવક ધારો, 1961ની કલમ 80(G) હેઠળ 100% કરમાંથી છુટ આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) 'સી વિજીલ-21''ના સંદર્ભમાં નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) તે એક દ્વિવાર્ષિક તટીય રક્ષા અભ્યાસ છે.
(2) પ્રથમ વખત આ અભ્યાસ 2018માં આયોજીત કરવામાં આવ્યો હતો.
(3) આ અભ્યાસ ભારતીય નેવી દ્વારા કરવામાં આવે છે. જેમાં કોસ્ટ ગાર્ડ, કસ્ટમ, ફિશરીશ અને ફિશિંગ સમૂદાયોનો સમાવેશ થાય છે.
(4) સી વિજીલ-21 ભારતનો શકિતઓ અને નબળાઈઓના મૂલ્યાંકન માટે મદદ કરશે.

(A) આપેલ તમામ (B) માત્ર (1) અને (3)
(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ દ્વિવાર્ષિક અખિલ ભારતીય તટીય રક્ષા અભ્યાસ સી–વિજીલ-21ના દ્વિતીય સંસ્કરણ જાન્યુઆરી 2021માં 2 દિવસ માટે આયોજીત કરવામાં આવશે.

⇛ આ કવાયત ભારતીય નૌકાદળ દ્વારા હાથ ધરવામાં આવી છે. જેમાં દરિયાઈ સ્ટેકહોલ્ડોર્સ, કોસ્ટ ગાર્ડ, કસ્ટમ, મત્સ્ય ઉદ્યોગ અને મત્સ્યઉદ્યોગો સાથે સંકળાયેલા 13 દરમિયાકાંઠો ધરાવતાં રાજ્યો/UTsના સમૂદાયોનો સમાવેશ થાય છે.

⇛ આ કવાયત પ્રથમ વખત 2019માં યોજાઈ હતી.

⇛ 26/11ના આતંકવાદી હુમલા બાદ પછી દેશના સમગ્ર દરિયાઈ સંરક્ષણ માટે તેની શરૂઆત કરવામાં આવી હતી.

⇛ આ હિસ્સેદારોની મોટા પાયે ભાગીદારીથી એક વિસ્તૃત કવાયત બને છે.

**TROPEX : Theatre Level Operational Readiness Excercise**

⇛ તે ભારતીય સેના વાયુસેના, નૌકાદળ અને કોસ્ટગાર્ડની સંયુકત આંતર–સેવા લશ્કરી કવાયત છે.

⇛ સી વિજીલ-21 ભારતની શકિત અને નબળાઈઓનું મૂલ્યાંકન કરવામાં મદદ કરશે અને તેથી દરિયાઈ અને રાષ્ટ્રીય સુરક્ષામાં મદદ કરશે અને મજબુતી આપશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

**(5) મેનેજમેન્ટ અસરકારકતા મૂલ્યાંકન (MEE)ના સંદર્ભમાં નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) તે રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભ્યારણોના તેમજ વનસંસાધનના સંચાલન ના મૂલ્યાંકન સંબંધિત છે.

(2) MEEએ સંરક્ષિત વિસ્તારોના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા માટેનું વૈશ્વિક માળખું છે.

(3) ભારતે MEE પ્રક્રિયાને સંસ્થાકીય બનાવી છે.

(4) ભારતે MEE-200 ફ્રેમવર્ક પણ શરૂ કર્યું છે.

(A) આપેલ તમામ
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ હાલમાં જ પર્યાવરણ પ્રધાને 146 રાષ્ટ્રીય ઉદ્યાનો અને વન્યપ્રાણી અભ્યારણો (2018-19)ના સંચાલન અસરકારક મૂલ્યાંકન (MEE) પ્રકાશિત કર્યું છે.

**MEE**

⇛ MEEએ રાષ્ટ્રીય ઉદ્યાનો, વન્યપ્રાણી અભ્યારણો, કન્ઝર્વેશન રિઝર્વ, ટાઈગર રિઝર્વ વગેરે જેવા સુરક્ષિત વિસ્તારોનું સંચાલન કરવામાં આવે છે તેમજ લક્ષિત વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિના સંરક્ષણમાં તેમની અસરકારકતાનું મૂલ્યાંકન છે.

⇛ MEE એ સંરક્ષિત વિસ્તારોના પ્રદર્શનનું મુલયાંકન કરવા માટેનું વૈશ્વિક માળખું છે.

⇛ તે પ્રોટેકટેડ એરિયાઝના મેનેજમેન્ટ ઈફેકટીવીટી ઈવેલ્યુશનના મુખ્ય સાધન તરીકે ઉભરી આવ્યું છે જે સરકારો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા સંરક્ષિત ક્ષેત્ર મેનેજમેન્ટની શકિતઓ અને નબળાઈઓને સમજવા માટે ઉપયોગી બને છે.

**ભારતમાં MEE**

⇛ ભારતે MEEની પ્રક્રિયાને સંસ્થાકીય બનાવી છે.

⇛ વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા અને પર્યાવરણ મંત્રાલય દ્વારા સંયુકત રુપે મરીન પ્રોટેકટેડ એરિયા MEE માટે એક નવું માળખું તેમજ મંત્રાલયે મેનેજમેન્ટ ઈફેકટીવીટી ઈવેલ્યુએશન (MEE-200) ફ્રેમવર્ક પણ શરૂ કર્યું છે જે પ્રાણી સંગ્રહાલયો માટે મૂલ્યાંકન, માર્ગદર્શિકા, માપદંડ અને સૂચકાંકોની દરખાસ્ત કરતું એકીકૃત સર્વાગ્રાહી અને સ્વતંત્ર માળખું છે.

⇛ ભારતમાં MEEની શરૂઆત 2006માં કરવામાં આવ્યું હતું. ત્યારે 28 વાઘ સંરક્ષણ ક્ષેત્રોની આકારણી થઈ હતી.

**MEE રીપોર્ટ (2018-19)**

⇛ રીપોર્ટે જલદપરા રાષ્ટ્રીય ઉદ્યાન (WB), રાયગંજ અભ્યારણ, (WB) સૈંજ અને તીર્થન (HP) અને ગ્રેટ હિમાલીયન રાષ્ટ્રીય ઉદ્યાનોને ભારતનાં ટોપ પાંચ ઉદ્યાનો તરીકે જાહેર કર્યા છે.

⇛ યુપીમાં બે વન્યપ્રાણી અભ્યારણો–ટર્ટલ WLS અને જયપ્રકાશ નારાયણ પક્ષી અભ્યારણ અને હરીયાણા, આસામ અને રાજસ્થાનના એક એક છેલ્લાં પાંચમાં શામેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT